જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૯/૨૦૧૭ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૭૮૬/૧૭**

**સરદારનગર પોલીસ સ્ટેશનઃ**

આજરોજ અમદાવાદ શહેર ના મે. પોલીસ કમિશ્નર શ્રી તથા અધિક પો. કમિશ્નર સેકટર ૨ સાહેબના હુકમથી તથા ઝોન-૪ સા શ્રી તથા મ.પો.કમિશ્નર શ્રી જી'ડીવીજન નાઓની જાણ સારૂ પો.ઇન્સ શ્રી એચ.બી ઝાલા સાહેબ નાઓની સુચનાથી પોસઇ પી.જે.ખરસાણ તથા તથા હે.કો.જીવણભાઇ મેઘજીભાઇ બ.ન.૭૫૫૦ તથા પો.કો.દર્શનસિંહ પ્રવિણસિંહ બ.ન.૬૧૫૬ તથા પો.કો.પ્રવિણસિંહ દેવેન્દ્રસિહ બ.ન.૪૮૯૭ તથા પો.કો.શક્તિસિંહ લાલુંભા બ.ન.૩૧૨૯ તથા પો.કો.વિક્રમસિંહ સુખદેવસિંહ બ.ન.૬૨૧૯ નાઓ સાથે બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.કો.દર્શનસિંહ પ્રવિણસિંહ નાઓને હકીકત મળેલ કે જી વોર્ડ ગુરૂદ્વારા પાસે આવતા સાથેના પો.કો.દર્શનસિંહ પ્રવિણસિંહ નાઓને બાતમી હકીકત મળેલ કે મનોજ ઉર્ફે કાળો સિંધી નામનો ઈસમ એક ગ્રે કલરની નંબર વગરની મારૂતી ઇગ્નીસ કાર માં કેટલોક ગે.કા.પરપ્રાંતીય ઇંગ્લીશ દારુનો જથ્થો પોતાની સદરી ગાડીમાં ભરી લાવી શાંતિપ્રકાશ સોસાયટી ખાતે આવેલ પોતાના રહેણાંક મકાને ઉતારવાનો છે. જે હકીકત આધારે સદરી જગ્યાએ બે પંચોના માણસોને સાથે રાખી સદરી જગ્યા એ રેડ કરતા મનોજ ઉર્ફે કારો સ/ઓ પ્રહલાદરાય ચાવલા ઉ.વ.30 રહે:એ/પ શાંતિપ્રકાશ સોસાયટી ન્યુ જી વોર્ડ કુબેરનગર અમદાવાદ શહેર નાનો હાજર મળી આવેલ બાદ સદરી સાથે રાખી પંચો રૂબરૂ સદરી જગ્યા એ તપાસ કરતા ઇગ્નીશ કાર માથી અલગ-અલગ બ્રાન્ડ ની પરપ્રાંતીય ઇંગ્લીશદારૂની કિં.રૂ.૨૯,૨૦૦/- તથા મારૂતી સુઝુકી ઇગ્નીસ ની કિં.રૂ.૫,૦૦,૦૦૦/- ગણી કુલ્લે રૂ.૫,૨૯,૨૦૦/-મળી આવતા પંચનામા વિગતે કબ્જે કરી કાયદેસર ની કાર્યવાહી કરેલ છે. આમ, સરદારનગર પોલીસ દ્વારા ગણના પાત્ર પ્રોહીબીશનનો જથ્થો શોધી પ્રસંશનિય કામગીરી કાર્યવાહી કરેલ છે. તા.૪/૯/૨૦૧૭.

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

કાલુપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરીકાલુપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતેમાર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ







નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.